

પંખીલોક

★ પ્રવીણ સરવૈયા

# કસ્તૂરો (Blue Rock Thrush)

કેટલાંક પક્ષીઓને સુંદર, ભપકાદાર પોશાક હોય છે, તો કેટલાંક ઝાંખા રંગનાં નાનાં પક્ષીઓ બીજાં સુંદર પક્ષીઓની તુલનામાં ઓછાં રૂપાળાં હોય છે. આવાં પક્ષીઓને કુદરતે સુંદર પોશાકને બદલે મીઠો અવાજ આપ્યો હોય છે. દેવચકલી, દૈયડ, કસ્તૂરો વગેરે ગાયક-કુળનાં પંખીઓને સુંદર પીંછાં નથી. પરંતુ તેમનો અવાજ બહુ મધુર છે. પંખીઓ જાતજાતના ને ભાતભાતના અવાજો કાઢતાં હોય છે. પંખીઓને પોતાની ભાષા છે. તેઓ એકબીજાને પોતાની લાગણી સમજાવી શકે છે, બીજાં પંખીઓને ભયથી દૂર રહેવા ચેતવણી આપી શકે છે, તો વળી તેઓ પ્રેમની ભાષા બોલી જાણે છે. હરીફાઈ કરવા કે પડકાર ફેંકવા માટેનો તેમનો અવાજ જુદો હોય છે, તેમ જ યુદ્ધ માટેનો કઠોર ધ્વનિ પણ પક્ષીઓ કાઢી જાણે છે. પંખીઓની સંગીતસભાને માણવી હોય તો વહેલી સવાર કે ઢળતી સાંજ શ્રેષ્ઠ છે અને સૌથી બુલંદ, શ્રેષ્ઠ સૂર સાંભળવો હોય તો વસંતઋતુ અને ઉનાળાના પ્રારંભના દિવસો લેવા પડે.

આજે આપણે જે પક્ષીની વાત કરવી છે તે છે દેવચકલીને મળતું આવતું ગાયક પક્ષી કસ્તૂરો. નામ તેનું કાંઈક અજાણ્યું હોય એમ લાગે, પણ એ 'ઈન્દ્રરાજ' એવા નામે પણ જાણીતું છે. આપણે અહીં જેની વાત કરીશું તે નીલ કસ્તૂરો છે. કસ્તૂરો જમ્મુ કશ્મીર, નેપાળ, બલૂચિસ્તાન જેવા પ્રદેશોમાંથી આપણે ત્યાં શિયાળુ મુલાકાતી તરીકે આવે છે.



કસ્તૂરો આસમાની કાળા રંગનું પક્ષી છે. નરની પાંખો અને પૂંછડી ભૂરાશ પડતી કાળી હોય છે. તેની પૂંછડી પાતળી છે. તેની ચાંચ અને પગ કાળા રંગનાં છે. માથા પર અને પાંખના મૂળમાં ચળકતા નીલ રંગનાં ચાઠાં છે. જે ઝાંખી કાળી આંખ પટ્ટી જેવા લાગે. માદાને રાખોડી ભૂખરો રંગ છે અને નીચેના ભાગે બદામી ઝાંય છે. દૂરથી તે દેવચકલી જેવું જ લાગે. તેનું કદ કાબર જેવડું છે.

કૂકડો જેમ પ્રભાતની છડી પોકારે છે, તેમ કસ્તૂરો અથવા ઈન્દ્રરાજ વહેલા પ્રભાતે બુલંદ અને સિસોટી જેવા મધુર અવાજે ઉષાનું અભિવાદન કરે છે. જોકે એ માનવવસતિવાળા પ્રદેશમાં શિયાળે જ આવે છે. એમ છતાં તે બાગબગીચામાં પણ ક્યારેક કાયમી રીતે રહી જાય છે. શિયાળાની ઋતુમાં તે લગભગ આખા રાજ્યમાં વ્યાપક રીતે દેખાય છે.

તેનું રહેઠાણ મોટા ભાગે ગીચ વનસ્પતિ હોય તેવા ખડકાળ અને ઝરણાવાળા પ્રદેશોમાં છે, જ્યાં ધસમસતા પાણીમાંથી તે પાણીનાં જીવડાં પકડીને આરોગી જાય છે. તેને ખુલ્લા ઉજ્જડ, ખડકાળ ઢોળાવ ગમે છે. તે જૂના કિલ્લાઓ અને ઈમારતો તેમજ દરિયાકિનારાના ખડકો રહેવા માટે પસંદ કરે છે. જીવડાં ઉપરાંત તે ઈયળો, કાચિંડા, કાનખજૂરા, નાનાં ફળો ખાય છે. તેને કરચલા પણ બહુ ભાવે છે. તે પાણી પડતું હોય તેવી કુદરતી જગ્યાએ વારંવાર કૂદે છે. ત્યાં ખડક પર બેસી પોતાની પૂંછડી વારંવાર પંખાની જેમ તે ઉઘાડે છે અને આંચકા મારીને ઉપર-નીચે કરે છે. કસ્તૂરો માણસ સિસોટી મારે તેવા આશ્ચર્યજનક સૂર કાઢી જાણે છે. વળી તેના ગાનમાં કોઈ જ કારણ વિના ભારે આરોહ-અવરોહ આવે છે.

કસ્તૂરાનો માળો ઘણે ભાગે પાણીના ધોધની પાસે હોય છે અથવા ભેખડ કે ઊભી કરાડની ઓથે હોય છે. માળો બનાવવા તે ઘાસ, સાઠીકડાં અને શેવાળનો ઉપયોગ કરે છે. માળાને કાદવ વડે મજબૂત બનાવવામાં આવે છે. માળો પહોંચાય નહીં એવી જગ્યાએ હોય છે. માદા ચારથી પાંચ લીલાશપડતા વાદળી રંગનાં, રતુંબડાં છાંટણાવાળાં ઈંડાં મૂકે છે. માળાનો આકાર વાટકા જેવો હોય છે.

આ રંગીન, ખુશમિજાજી ગાયક પંખીની બીજી

**કૂકડો જેમ પ્રભાતની છડી પોકારે છે, તેમ કસ્તૂરો અથવા ઇન્દ્રરાજ વહેલા પ્રભાતે બુલંદ અને સિસોટી જેવા મધુર અવાજે ઉષાનું અભિવાદન કરે છે. જોકે એ માનવવસતિવાળા પ્રદેશમાં શિયાળે જ આવે છે**

ઘણી જાતો આપણે ત્યાં છે. જે Malabar whistling thrush, blue capped rock thrush, chestnut bellied rock thrush, blue whistling thrush, orange headed thrush, white throted thrush, scaly thrush, tickell's thrush, Rufous Tail Rock Thrush ના નામે ઓળખાય છે. તો ઉત્તર પૂર્વના ઊંચા પહાડી પ્રદેશોમાં plain backed thrush, long tauld thrush જેવી જાતો જોવા મળે છે. આ લખનારને ગીરના પ્રવાસ દરમ્યાન તારીખ : ૨૫-૦૫-૨૦૧૮ના રોજ Rufous Tail Rock Thrush - લાલ પૂંછ વાળો કસ્તૂરો જોવા મળેલ. જે અગાઉ ગીરમાં ક્યારેય દેખાયો નહોતો. અગાઉ તે કચ્છમાં જોવા મળેલ અને છેલ્લે દાહોદ ખાતે દેખાયેલો.

ગાયક પક્ષી તરીકે કસ્તૂરો બહુ આદર પામેલું પક્ષી છે. નર પંખીનો કૉલ ક્યારેક સંભળવા મળે તો માંહ્યલો રાજી રાજી થઇ જાય એવો મધુર અવાજ છે તેનો. આવા મીઠા અવાજો સાંભળવા હશે તો આપણાં સુખ-સગવડ ખાતર પ્રકૃતિનો જે ભોગ લેવાય છે તેના પર પાબંદી આવે તો જ કસ્તૂરો અને તેનાં જેવાં પંખીઓ ટકી શકશે.

# વિમાનની સીટ માટે વાદળી રંગ કેમ પસંદ કરે છે?

જ્યારે પણ તમે ફ્લાઈટમાં ચઢો છો, ત્યારે એક વસ્તુ લગભગ હંમેશા સમાન હોય છેઃ સીટોનો વાદળી રંગ. પછી ભલે તે સ્થાનિક હોય કે આંતરરાષ્ટ્રીય, ઈકોનોમી હોય કે બિઝનેસ ક્લાસ, વાદળી રંગ વિમાનનો કાયમી ભાગ બની ગયો છે. શું આ માત્ર એક સંયોગ છે કે તેની પાછળ કોઈ ઈરાદાપૂર્વકની રણનીતિ છે? શું એરલાઈન્સ ફક્ત સ્ટાઈલ માટે આ કરે છે, કે તેની પાછળ વિજ્ઞાન, મનોવિજ્ઞાન અને લાખો ડોલરનું ગણિત છે?

વાસ્તવિકતા એ છે કે વિમાનની સીટનો રંગ મનસ્વી રીતે નક્કી કરવામાં આવતો નથી. આ નિર્ણય ઘણા સ્તરે કાળજીપૂર્વક વિચારણા કર્યા પછી લેવામાં આવે છે. ઈન્ડિગો, અમેરિકન એરલાઈન્સ અને લુફ્થાન્સા (Lufthansa) સહિતની મોટાભાગની મોટી એરલાઈન્સે તેમના કેબિનના આંતરિક ભાગમાં વાદળી રંગના રંગો પર ભાર મૂક્યો છે.

આ પાછળ ત્રણ મુખ્ય કારણો હોવાનું માનવામાં આવે છેઃ જાળવણી, મનોવિજ્ઞાન અને બ્રાન્ડિંગ. એરલાઈન્સ પાસે દરેક ફ્લાઈટ પછી વિમાનને સંપૂર્ણપણે સાફ કરવા માટે મર્યાદિત સમય



હોય છે. ખાસ કરીને ટૂંકા અંતરની ફ્લાઈટ્સ પર, જ્યાં એક જ વિમાન દિવસમાં ઘણી ટ્રિપ્સ કરે છે. તેથી, એ સુનિશ્ચિત કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે કે સીટ પરના ડાઘ તરત જ દેખાય નહીં.

વાદળી રંગનો ઘેરો રંગ ગંદકી છુપાવવામાં મદદ કરે છે. કોફી, જ્યુસ અથવા ખોરાકના હળવા ડાઘ વાદળી કાપડ પર એટલા ધ્યાનપાત્ર નથી જેટલા હળવા રંગો પર હોય છે. આ સીટોના આયુષ્યને સીધો ફાયદો પહોંચાડે છે, જેનાથી વારંવાર બદલવાની જરૂરિયાત ઓછી થાય છે. એરલાઈન્સ માટે સીટ કવર બદલવું એક ખર્ચાળ પ્રયાસ છે, તેથી એવા રંગો પસંદ કરવામાં આવે છે જે ટકાઉ હોય અને ઝડપથી ઘસાઈ ન જાય.

ઘણા લોકો માટે હવાઈ મુસાફરી રોમાંચક હોય છે, પરંતુ તે ભય પણ લાવે છે. ટેકઓફ અને લેન્ડિંગ દરમિયાન ગભરાટ સામાન્ય છે. મનોવિજ્ઞાને સાબિત કર્યું છે કે રંગો મન પર અસર કરે છે. વાદળી રંગ સામાન્ય રીતે શાંતિ, વિશ્વાસ અને સ્થિરતા સાથે સંકળાયેલો છે.

રંગ નિષ્ણાત પેન્ટોને 2020 માં ક્લાસિક બ્લુને વર્ષનો રંગ જાહેર કર્યો, તેને એક એવો રંગ ગણાવ્યો જે વિશ્વાસ અને આરામને પ્રેરણા આપે છે. બંધ વિમાન કેબિનમાં, જ્યાં સેંકડો લોકો એકસાથે બેઠા હોય છે, ત્યાં મુસાફરોને આરામદાયક લાગે તેવું વાતાવરણ બનાવવું ખૂબ જ મહત્વપૂર્ણ છે.